# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: નેહલ ઠક્કર

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

## તારીખ : ૧૫-૦૯-૨૦૨૪ રવિવાર                    સમય : સાંજે ૬:25 કલાકે

---

## કચ્છ-સેવા સેતુ, સ્વચ્છતા હી સેવા:

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓકટોબર સુધી સેવાસેતુ કાર્યક્રમ તથા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ જે જિલ્લામાં દસમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ તથા સ્વચ્છતા હી સેવા અભિયાનનો માનકુવા ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

દસમા તબક્કાના સેવા સેતુ કાર્યક્ર મો શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં યોજાનાર છે. જેમાં ૧૩ વિભાગની ૫૫ જેટલી સુવિધાનો લાભ લોકોને મળશે તથા સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ હેઠળ જાહેર સ્થળો, કચરાના સ્થળો વગેરેની સફાઇ હાથ ધરાશે. જેમાં જનભાગીદારીથી કામગીરી કરવા સાથે સફાઇ મિત્ર સુરક્ષા શિબિરનું આયોજન પણ કરાશે.

આ પ્રસંગે ધારાસભ્ય કેશુભાઇ પટેલે જણાવ્યું હતું કે , ગુજરાત સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલી કરાઇ છે, આ યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે સરકાર કટિબદ્ધ છે. તેમણે વધુમાં લોકોને સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સક્રીયતાથી જોડાઇને ઘર, ફળીયું, ગામ, શહેરને સ્વચ્છ બનાવવા તથા વૃક્ષારોપણ કરીને તેનો ૧૦૦ ટકા ઉછેર કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સૌ પદાધિકારીઓ તથા અધિકારીઓએ લોકો સાથે સફાઇ અભિયાનમાં જોડાઇને માર્ગ પર સફાઇ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ સ્વચ્છતાના શપથ લીધા હતા.

ઉલ્લેખનીય છે કે, સેવા સેતુના માધ્યમથી નાગરિકોને ઘરઆંગણે સરકારશ્રીની મહત્વની ૫૫ જેટલી સેવાઓ ઉપલબ્ધ થઈ છે. જિલ્લામાં સેવા સેતુને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ ૧૦ તાલુકામાં ત્રણ-ત્રણ એમ કુલ 30 કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

- (મા. ખા. ભુજ)

---

## કચ્છ-સ્વચ્છતા પખવાડિયું:

જિલ્લામાં આજથી સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. ભારત સરકારશ્રી દ્વારા બીજી ઓક્ટોબરનાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી માટે આહ્વાન કરવામાં આવેલું છે.

આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં ૧૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આ દિવસને "સ્વચ્છ ભારત દિવસ" તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન ૧૭મી સપ્ટેમ્બર થી બીજી ઓક્ટોબર, ૨૦૨૪ સુધી "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" અભિયાન યોજવામાં આવશે.

રાજ્ય સરકારશ્રી દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ની કામગીરી અને પ્રાધાન્યતાને ધ્યાને લઈને સમગ્ર રાજ્યમાં "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ " અભિયાનને તા.૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ થી તા.૩૧મી ઓક્ટોબર સુધી લંબાવી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દિશાનિર્દેશ અનુસાર જિલ્લામાં "એક પેડ મા કે નામ " કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.

- (મા. ખા. ભુજ)

---

## ભુજ નગરપાલિકા દ્વારા સફાઈ અભિયાન:

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત આજે ભુજ શહેર માં બસ પોર્ટની બહારના વિસ્તારમાં સફાઈ કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ અને નગરપાલિકા મુખ્ય અધિકારી જીગર પટેલ સહિત સફાઈ કામદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્થાનિક પદાધિકારીઓ અને અધિકારીઓએ સફાઈ કરીને રોડ રસ્તાઓ સ્વચ્છ રાખવા અપીલ કરી હતી.

ભુજ શહેરના બસપોર્ટની બહારના રોડ રસ્તાઓ , કચ્છ મ્યૂઝિયમથી લઈને બહુમાળી ભવન સહિતના ભુજ શહેરના રસ્તાઓની સાફ સફાઈની કામગીરી ભુજ નગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા આયોજિત સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સ્વચ્છતા રેલી, નુક્કડ નાટક, વેસ્ટ ટુ આર્ટ , કલ્ચરલ ફેસ્ટ, કલા પ્રદર્શન, ગાયન, વોલ પેઇન્ટિંગ, સફાઈ કામદાર સુરક્ષા શિબિર, સરકારી કચેરીઓમાં સ્વચ્છતા સ્પર્ધાનું આયોજન ,એવોર્ડ અને સન્માન સમારોહ વગેરે સ્વચ્છતા જાગૃતિ માટેની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

- (મા. ખા. ભુજ)

---

## આઈસીડીએસ-પોષણ માસ:

આઇસીડીએસ વિભાગ અંતર્ગત પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે જિલ્લાના ઘટકોની આંગણવાડીઓમાં વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

ચપરેડી ગામની આંગણવાડી કેન્દ્ર-૨ ની માતાઓને આરોગ્ય વિષયક તથા મુન્દ્રા ખાતે સગર્ભા તેમજ ધાત્રી માતાને ઘરે જઈ બાળકની સારસંભાળ , રસીકરણ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત માતૃશક્તિ પેકેટના ઉપયોગ તથા તેનાથી બનતી વાનગીઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

અબડાસા ઘટકમાં કેન્સર જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે ભચાઉ ઘટક કચેરી ખાતે પોષણમાસ અંતર્ગત રેલી તેમજ વાનગી નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. લખપતના ઝારા કેન્દ્રના અધૂરા માસથી જન્મેલી અતિ કુપોષિત બાળકની ગૃહ મુલાકાત સાથે માતાને કાંગારુ કેર , માતાનું જ દૂધ આપવા સહિત અન્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

\- (મા. ખા. ભુજ)

---

## ગાંધીધામ-નિ: શુલ્ક ઓનલાઈન પરામર્શ:

રોટરી ક્લબ ઓફ ગાંધીધામ તથા અગ્રવાલ સમાજ ગાંધીધામ દ્વારા ઓનલાઈન માધ્યમથી ઓટીઝમ, બાળ મનોરોગ તથા બોલવામાં થતી તકલીફો માટે ની:શુલ્ક ઓનલાઈન પરામર્શ યોજાશે.

આ નિદાન માં બોલવામાં ખચકાટ,અપૂરતો ભાષા વિકાસ તથા મગજનો અપૂરતો વિકાસ, મગજનો લકવો, જન્મજાત બહેરાશ, ઓટીઝમ, ધ્યાનની ખામી, બાળકના વધુ પડતા તોફાન , ભણવામાં ધ્યાન ના આપવું જેવી તકલીફ ધરાવતા 2 થી 16 વર્ષનાં બાળકો માટે તથા વિદ્યાર્થીઓ માટેનું કાઉન્સેલિંગ યોજેલ છે.

આ ઓનલાઈન કાઉન્સેલિંગમાં ઓટીઝમ તથા બોલવામાં ખામી ધરાવતા બાળકોનાં ડોક્ટર પોતાની સેવા આપશે. વધુ માહિતી માટે 94271 82209 પર સંપર્ક કરવો તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

\- (NP, નેહલ ઠક્કર)

---

## કાળો ડુંગર લોક મેળો:

પ્રવાસધામ કાળા ડુંગર પર ભગવાન દત્તાત્રેયના સાંનિધ્યમાં દર વર્ષની જેમ બે દિવસીય ભાતીગળ લોકમેળાનું આયોજન કરાયું હતું. પ્રથમ દિવસે સવારે પૂજન, ધ્વજારોહણ અને સામૈયા બાદ મેળાનું સમાપન થયું હતું.

- (NP, નેહલ ઠક્કર)

-----------------------------------------------------------------------------------